સાંકડું હૃદય અને ઉચ્ચ સંસ્કાર એક સાથે નથી રહી શકતા
- જ્ઞાનસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૮૦ | ૨૩ ડિસેમ્બર, ૨૦૧૪, મંગળવાર ; પોષ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેરમાં સફાઈ વેરામાં ૬૦૦ ટકાનો વધારો ઝીંકાશે

## મનપા દ્વારા દૈનિક રૂ. ૨ લેખે રહેણાંક વિસ્તારમાં અને વાણિજ્ય વિસ્તારમાં દૈનિક રૂ. ૪ લેખે વસુલવા માટે સ્ટેન્ડીંગમાં દરખાસ્ત : ૨૪મીએ મળનારી બેઠક મની બજેટ બેઠક બની રહેશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હવે રહેઠાણ વિસ્તારમાંથી સફાઈવેરો દૈનિક રૂ. ૨ ના દરે અને વાણિજ્ય વિસ્તારમાંથી આ વેરો રૂ. ૪ ના દરે વસુલ કરવા માટેની વિચારણા હાથ ધરી છે.

ગાંધીનગર મ્યુનિ. કમિશનરશ્રીએ નવા સફાઈ વેરા અંગેની દરખાસ્ત નિર્ણય માટે સ્ટેન્ડીંગ કમિટીને મોકલી આપી છે. આગામી ૨૪મીએ મળનારી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં આ બાબતે વિચારણા કરી આખરી નિર્ણય કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાને સોંપાયેલી એક માત્ર સેવામાં પણ સંતોષપૂર્વકની કામગીરીમાં નિષ્ફળ રહેલ સત્તાધીશોએ હવે ૬૦૦ ટકાનો વધારો કરવાની દિશામાં લઈ વિચારણા હાથ ધરાતાં નગરજનો પણ ચોંકી ઉઠ્યા છે.

હાલ ગાંધીનગરમાં સફાઈવેરો માસિક રૂ. ૫ ના દરે વસુલ કરવામાં આવે છે.

આકારણીના દરોમાં સુધારો કરવાની કવાયતના ભાગરૂપે કમિશનરશ્રીએ સફાઈવેરામાં હાલ સુધારો કરવાની દરખાસ્ત રજુ કરી છે.

મીની બજેટ બેઠક જેવી બની રહેનાર સ્ટેન્ડીંગ કમિટીની બેઠકનો એજન્ડા આજે કોર્પોરેશન દ્વારા જારી કરી દેવામાં આવ્યો છે. જેમાં પ્રથમ કાર્ય તરીકે જ સફાઈ વેરાની નવા દરખાસ્ત સૂચવવામાં આવી છે.

સફાઈ માટે નવા અદ્યતન સાધનો ખરીદવામાં આવી રહ્યા છે. સફાઈના અભિયાનને સઘન બનાવવામાં હજુ પણ મનપાનું તંત્ર ઊણુ ઉતરી રહ્યું છે. શહેરના સેક્ટરોના આંતરિક માર્ગોની સફાઈના નામે આજે પણ મીંડુ છે. તેમજ ડોર ટુ ડોર કલેક્શનમાં હજુ નિયમિતતા આવી શકી નથી. ડમ્પીંગ સાઈટને બદલે જાહેરમાં જ કચરો હાલ પણ બાળવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર મનપાની સફાઈ કામગીરી અંગે ભારત સરકારના કોમ્પ્ટ્રોલર ઓડિટર જનરલે પણ તેના અહેવાલમાં નારાજગી વ્યક્ત કરી લેન્ડફિલ્ડ સાઈટ, સેનેટરી લેન્ડ ફિલ્ડ સાઈટોના અભાવોને લઈ ચિંતા વ્યક્ત કરી છે તે નોંધનીય છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ૨૪મીએ મળનારી સ્ટેન્ડીંગ કમિટીમાં રંગમંચોના ભાડામાં વધારો કરવાની દરખાસ્ત ઉપરાંત કન્ટેનરો ભાડે આપવાની દરખાસ્ત, તાજેતરમાં જ નિર્માણ થયેલ વે બ્રીજના ભાડાના દર નિયત કરવાની દરખાસ્ત પણ આ બેઠકમાં રજુ કરવામાં આવનાર છે.

વાયબ્રન્ટ સમીટને લઈ મનપા દ્વારા સફાઈ અભિયાન પાછળ જે ખર્ચ થયો છે તેને પહોંચી વળવા માટે આવી દરખાસ્ત લાવવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.




# સે. ૧૫માં કોમર્સ કોલેજના મેદાનમાં જિલ્લાનો શ્રમિક કલ્યાણ મેળો યોજાશે

## ૨૫મી ડિસે.ના રોજ સુશાસન દિવસની ઉજવણી માટે આ નવતર મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

આગામી ૨૫મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લાનો શ્રમિક કલ્યાણ મેળો સેક્ટર-૧૫માં આવેલ સરકારી વિનયન કોલેજના મેદાન ખાતે યોજાશે.

જિલ્લામાંથી ૯ હજારથી વધુ શ્રમિકોને આ મેળા માટે ઓળખી કાઢવામાં આવ્યા છે અને તેઓ આ મેળામાં આવશે. આ મેળામાં શ્રમિકોને આધારકાર્ડ, મા અમૃતમ્ વાત્સલ્ય કાર્ડ, જનધન યોજના સહિતની મહત્વની સરકારી યોજનાની સમજૂતિ આપી આ કાર્ડ તેમને આપવામાં આવશે.

જિલ્લાતંત્ર દ્વારા આ અંગેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મેળાના તમામ શ્રમિકોની ડેટા એન્ટ્રી કરી દેવામાં આવી છે તેમજ તે અંગેની જવાબદારી માટે અલગ-અલગ લાયઝન અધિકારીઓ પણ નિયુક્ત કરી દેવાયા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મેળામાં જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી નીતિન પટેલ, નાણામંત્રી શ્રી સૌરભ પટેલ તથા શ્રી નરહરિ અમીન ઉપસ્થિત રહેશે.

આ શ્રમિક કલ્યાણ મેળાને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સીધુ ઉદ્‌બોધન કરનાર હોવાથી બીગ સ્ક્રીન પણ ઉભા કરવામાં આવનાર હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

અસંગઠિત ક્ષેત્રના કામદારોના કલ્યાણ માટે સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે પણ તેનો લાભ હજુ શ્રમિકોને મળ્યો નથી.

ગરીબ કલ્યાણ મેળા અને કૃષિ મેળા બાદ આ શ્રમિક કલ્યાણ મેળાના આયોજનનો સરકારે નિર્ણય કર્યો છે. રાજ્યના ૨૦ જિલ્લામાં આ શ્રમિક કલ્યાણ મેળાઓ યોજાવાના છે.

ગાંધીનગર જિલ્લામાં યોજાનાર આ મેળામાં દરેક તાલુકામાંથી એક હજાર જેટલા શ્રમિકો ભાગ લેનાર હોવાનું જાણવા મળેલ છે.



રંગનું વાવેતર - શહેરના મધ્યભાગમાં સ્વર્ણિમ પાર્ક આસપાસ રંગબેરંગી ફુલોના છોડનું વાવેતર વ્યાપક પ્રમાણ થઈ રહ્યું છે... આવનારા દિવસો મહેંકતા રહેશે... (તસવીર : દિપક જાની)





**ભાડે આપવાની છે**

સે.૨૨માં મેઈન શોપીંગ સેન્ટરમાં ૧૦૦૦ સ્કે.ફીટ ટ્યુશન લાયક જગ્યા ભાડે આપવાની છે.

મો. : ૯૭૩૭૧ ૭૮૧૭૮

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

ફોન : ૨૩૨૩૭૫૭૧


# શહેરમાં વધુ ત્રણ હેલીપેડ બનાવાશે

## વાયબ્રન્ટ સમિટ અને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી માટે આવી રહેલા મોંઘેરા મહેમાનોની સગવડતા સાચવવા ત્રણ હેલીપેડ તાત્કાલિક ઉભા કરાઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૨

જાન્યુઆરી માસમાં ગાંધીનગરમાં યોજાનાર પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ સમિટની તૈયારીઓનો ધમધમાટ શહેરમાં શરૂ થઈ ગયો છે. વીવીઆઈપી આમંત્રિતોને અગવડતા ન પડે તે માટે શહેરમાં ત્રણ સ્થળોએ હેલીપેડ બનાવવાનું કામ શરૂ કરાયું છે. મહાનુભાવોને વિમાની મથકથી હેલીકોપ્ટર દ્વારા ગાંધીનગર લવાશે.

આગામી ૭મી જાન્યુઆરીથી પ્રવાસી ભારતીય દિન તથા ૧૧મી જાન્યુઆરીથી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫ યોજાશે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશ-વિદેશના અનેક ઉદ્યોગ માંધાતાઓ, વીવીઆઈપીઓ આવવાના હોવાથી મહાનુભાવો માટે ત્રણ નવા હેલીપેડ બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે.

આધારભૂત સૂત્રો અનુસાર વડાપ્રધાન, રાષ્ટ્રપતિ સહિતના મહાનુભાવો પોતાના ખાસ વિમાનોમાં અમદાવાદના સરદાર પટેલ વિમાની મથકે ઉતરશે. ત્યારબાદ મહાનુભાવોને હેલીકોપ્ટર મારફતે ગાંધીનગર લાવવામાં આવશે. જેના માટે ત્રણ હેલીપેડ બનાવવાનું કામ હાલ પુરજોશમાં ચાલી રહ્યું છે. એક હેલીપેડ ગાંધીનગર નજીક પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી અને નેશનલ લૉ યુનિવર્સિટીની નજીક બનાવવામાં આવી રહ્યું છે. બીજુ હેલીપેડ નવા સચિવાલયની પાછળ જ-રોડ પર અને ત્રીજુ હેલીપેડ ટાઉનહોલની સામે બનાવવામાં આવશે. મહાનુભાવોને ટ્રાફિકમાં કોઈ અડચણ ન પડે તે માટે આ હેલીપેડ બનાવવામાં આવી રહ્યા છે. હાલમાં ગાંધીનગરમાં અને તેની આસપાસ બે હેલીપેડ છે. જેમાં કોબા સ્થિત ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ નજીક એક હેલીપેડ બનાવેલુ તૈયાર છે. જ્યારે નવા સચિવાલયમાં નવુ હેલીપેડ બનાવવામાં આવ્યું છે. જુનુ હેલીપેડ જ્યાં હતુ તે સેક્ટર-૧૭ના મેદાનમાં હાલમાં એક્ઝિબિશન


● અનુસંધાન પાન-૭ પર


